ELECTION IMMEDIATE

# OFFICE OF THE DISTRICT ELECTION OFFICER DEVBHUMI DWARKA

FIRST FLOOR,JILLA SEVA SADAN,DHARAMPUR-LALPUR ROAD,JAM KHAMBHALIYA
Ph No.: 02833-234003 | Email :eo-devbdwarka@gujarat.gov.in

નં.ચટણ/GeM/ટેન્ડર/બેનર/૨૪ તા.૧૫/૦૩/૨૦૨૪

વિષય :- લોકસભા સામાન્ય ચૂંટણી–૨૦૨૪
**ફોર્મ્સ, બિલ્લા, સાઇન બોર્ડ, હોર્ડીંગ્સ, બેનર્સ વગેરે છાપકામનું કામ મંજુર કરવા** બાબત.

વંચાણે લીધા :-
(૧) કલેકટરશ્રી, દેવભૂમિ દ્વારકાના તા.૦૩/૦૫/૨૦૨૧ના હુકમ ક્રમાંક : રેકર્ડ/DPC/DLPC કમિટી રચના/૨૦૨૧
(૨) મુખ્ય નિર્વાચન અધિકારીશ્રીની કચેરી, ગુજરાત રાજય, ગાંધીનગરના પત્ર ક્રમાંક : બીજીટી/૧૦૨૦/૫૩૩૦ /છ(પાર્ટ-૯), તા.૧૦/૦૬/૨૦૨૨
(૩) અત્રેના હુકમ ક્રમાંક : ચટણ/લોસાચૂં/૯૧૨/૨૩, તા.૦૯/૧૨/૨૦૨૩ થી ટેન્ડર કમિટી/ખર્ચ સમિતિની રચના
(૪) ટેન્ડર કમિટી/ખર્ચ સમિતિની કાર્યવાહી નોંધ નં.ચટણ/GeM/ ટેન્ડર કાર્યવાહી નોંધ/૬૦૨/૨૪, તા.૦૬/૦૨/૨૦૨૪
(૫) Government e-Market Place (GeM) પોર્ટલ પર GeM Bid ID No : GEM/2024/B/4615518, તા.૧૦/૦૨/૨૦૨૪
(૬) ટેન્ડર કમિટી/ખર્ચ સમિતિની કાર્યવાહી નોંધ નં.ચટણ/GeM/ ટેન્ડર કાર્યવાહી નોંધ/૬૦૨/૨૪, તા.૧૨/૦૩/૨૦૨૪
(૭) ખાતાકિય ખરીદ સમિતી (DPC) ની કાર્યવાહી નોંધ નં.ચટણ/DPC/કાર્યવાહી નોંધ/૧૫૦૩/૨૪, તા.૧૫/૦૩/૨૦૨૪

## //હુકમ//

મુખ્ય નિર્વાચન અધિકારીશ્રીની કચેરી, ગુજરાત રાજય, ગાંધીનગરના વંચાણે લીધા–(૨) થી આગામી લોકભા સામાન્ય ચૂંટણી–૨૦૨૪ના સંચાલન માટે જરૂરી વસ્તુ/સેવાની ખરીદી માટેની ટેન્ડર પ્રક્રિયા રાજય સરકારની પ્રવર્તમાન ખરીદનીતિ–૨૦૧૬ અનુસાર માત્ર GeM (Government e-Market Place) મારફત જ કરવા તેમજ આ પ્રક્રિયા માટે સરકારશ્રીના નિયમો મુજબ નાણાકીય મર્યાદા અનુસાર સક્ષમ ખરીદ સમિતિની મંજુરી મેળવવા સૂચના થઇ આવેલ છે.

આગામી લોકસભા સામાન્ય ચૂંટણી–૨૦૨૪ના સંચાલન માટે ફોર્મ્સ, બિલ્લા, સાઇન બોર્ડ, હોર્ડીંગ્સ, બેનર્સ વગેરેનું છાપકામ કરાવવાનું થાય છે. તે હેતુ માટે વંચાણે લીધા–(૪) થી ટેન્ડર કમિટી/ખર્ચ સમિતિની તા.૦૬/૦૨/૨૦૨૪ના રોજ યોજાયેલ બેઠકમાં ફોર્મ્સ, બિલ્લા, સાઇન બોર્ડ, હોર્ડીંગ્સ, બેનર્સ વગેરેનું છાપકામના ટેન્ડર માટે સ્પેસીફીકેશન અને શરતો નકકી કરવામાં આવેલ. જે ધ્યાને લઈ અત્રેથી વંચાણે લીધા–(૫) થી GeM (Government e-Market Place) પોર્ટલ પર ફોર્મ્સ, બિલ્લા, સાઇન બોર્ડ, હોર્ડીંગ્સ, બેનર્સ વગેરેનું છાપકામ માટે આ કામ માટે રસ ધરાવતા ઇસમો/એજન્સીઓ પાસેથી GeM (Government e-Market Place) પોર્ટલ મારફત જરૂરી શરતોને આધીન ભાવો મંગાવવામાં આવેલ.

ત્યાર બાદ વંચાણે લીધા-(૬) થી તા.૧૨/૦૩/૨૦૨૪ના રોજ યોજાયેલ ટેન્ડર કમિટી/ખર્ચ સમિતિની બેઠકમાં રજૂ કરવામાં આવેલ બીડસ માન્ય/અમાન્ય કરી, ફાયનાન્સીયલ બીડ ઓપન કરવા અને L1 રન કરવા સમિતિના તમામ સભ્ય દ્વારા સર્વાનુમતે નક્કી કરવામાં આવેલ. જે પ્રક્રિયાના અંતે Government e-Market Place (GeM) પોર્ટલ પર સીસ્ટમ જનરેટેડ L-1 તરીકે એકતા ઓફસેટ પ્રાઈવેટ લિમીટેડ, નડીઆદ-એજન્સી આવેલ છે.

ફોર્મ્સ, બિલ્લા, સાઇન બોર્ડ, હોર્ડીંગ્સ, બેનર્સ વગેરેનું છાપકામના ટેન્ડરની કુલ અંદાજીત કિંમત રૂા.૨૦,૦૦,૦૦૦/- થતી હોય, કલેકટરશ્રી, દેવભૂમિ દ્વારકાના વંચાણે લીધા-(૧)ના હુકમ મુજબ ખાતાકિય ખરીદ સમિતી (DPC)ની મંજુરી મેળવવાની થાય છે. વંચાણે લીધા-(૭) થી તા.૧૫/૦૩/૨૦૨૪ના રોજ યોજાયેલ ખાતાકિય ખરીદ સમિતી (DPC) બેઠકમાં Government e-Market Place (GeM) પોર્ટલ પર સીસ્ટમ જનરેટેડ L-1 તરીકે આવેલ એજન્સી-એકતા ઓફસેટ પ્રા.લિ., નડીઆદ નેગોશીએશન પછીના ભાવો મંજુર કરવા સર્વાનુમતે નિર્ણય કરવામાં આવેલ.

આથી, ઉપરોકત તમામ બાબતો ધ્યાને લેતા, ફોર્મ્સ, બિલ્લા, સાઇન બોર્ડ, હોર્ડીંગ્સ, બેનર્સ વગેરેનું છાપકામના માટે એકતા ઓફસેટ પ્રા.લિ., નડીઆદ તરફથી આ સહ સામેલ પરિશિષ્ટ-(અ) મુજબના ભાવો ટેન્ડર ફોર્મની શરતો તેમજ નીચે મુજબની વધારાની શરતોને આધીન રહીને મંજુર કરવા આથી હુકમ કરવામાં આવે છે.

**શરતો :-**

(1) એજન્સીએ જે તે જિલ્લા ચુંટણી અધિકારીશ્રી/મદદનીશ ચુંટણી અધિકારીશ્રીની કચેરીએ કે તેઓ દ્વારા જણાવવામાં આવે તે કચેરીએ એજન્સીએ તેમજ અત્રેથી જણાવવામાં તે સ્થળે પ્રિન્ટ કરેલ સામગ્રી તેમજ અન્ય સામગ્રી પોતાના ખર્ચે (જાણ થયે ૨૪ કલાકમાં) પહોંચાડવાની રહેશે. ટ્રાન્સપોર્ટ કે અન્ય ચાર્જ અલગથી ચુકવવામાં આવશે નહી.

(2) છાપકામ માટે અધિકૃત અધિકારીશ્રીઓ દ્વારા જયારે સૂચના આપવામાં આવે આવે ત્યારે અને. નિયત સમયમર્યાદામાં જરૂરીયાત મુજબની સંખ્યામાં/જથ્થામાં છાપકામ કરી અત્રેની કચેરીમાં અથવા અત્રેથી સૂચના આપવામાં આવે તે કચેરી ખાતે પહોંચતી કરવાની રહેશે. છાપકામની મેટરને આધારે વધારે ભાવ માંગી શકાશે નહિ. આ કચેરી સિવાય અન્ય કોઇ કચેરીને અત્રેની સૂચના વગર છાપકામ કરી આપવાનું રહેશે નહિ. તેમ છતા છાપકામ કરી જો કોઇને આપવામાં આવશે તો ચુકવણું અત્રેથી કરવામાં આવશે નહિ.

(3) સબંધિત એજન્સીએ પુરી પાડવાની સેવા/સામગ્રી સારી ગુણવતાવાળી અને જયાં સ્પષ્ટ રીતે સ્પેશીફીકેશન જણાવેલ છે ત્યાં તે મુજબના સ્પેશીફીકેશન પ્રમાણેની પુરી પાડવાની રહેશે. આ બાબતમાં કોઇપણ ફરીયાદ ઉપસ્થિત થશે તો, જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીનો નિર્ણય આખરી ગણાશે અને આપને બંધનકર્તા રહેશે.

(4) ટેન્ડર મંજુર કરનારની કચેરીમાં ફોમ્સ, બીલ્લા, સાઇનબોર્ડ, પોસ્ટર, બેનર, પેમ્ફલેટ, બેનર, સ્ટીકર વિગેરે પ્રિન્ટીંગ કરી પહોંચાડવાની રહેશે. જે માટે વધારાનો કોઇ ટ્રાન્સપોર્ટ ખર્ચ મળવાપાત્ર નથી. ટેન્ડર મંજુર કરનાર અથવા નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી, દેવભૂમિ દ્વારકા દ્વારા કોઇપણ પોસ્ટર, બેનર, પેમ્ફલેટ, બેનર, સ્ટીકર વિગેરે પ્રિન્ટીંગ કરી વિધાનસભા મતવિભાગવાર અથવા કચેરીવાર ફાળવણીનો હુકમ કરે તે મુજબ ટેન્ડરના ધંધાના સ્થળેથી જે તે કચેરી દ્વારા

મેળવી લેવા જણાવવામાં આવે તો, ફાળવણી મુજબ પોસ્ટર, બેનર, પેમ્ફલેટ, બેનર, સ્ટીકર વિગેરે પ્રિન્ટીંગ કરી કચેરીવાર વિભાજન કરી જે તે કચેરીને પુરી પાડવાની રહેશે. જે માટે કોઇ વધારાનો ચાર્જ મળી શકશે નહી. તેમજ કલેક્ટર અને જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીની સૂચના મુજબના બેનર્સ હોર્ડીંગ્સ જે તે સ્થળે લગાવવાનું રહેશે. આ માટે મંજુર થયેલ ભાવ ઉપરાંત અન્ય કોઇ વધારાનો ચાર્જ આપવામાં આવશે નહીં.

(5) વર્ક ઓર્ડર/ફાળવણી હુકમ મુજબની ફોમ્સ, બીલ્લા, સાઈનબોર્ડ, પોસ્ટર, બેનર, પેમ્ફલેટ, બેનર, સ્ટીકર વિગેરે પ્રિન્ટીંગની કામગીરી મેળવવા આવનાર વ્યક્તિ પાસેથી અધિકૃત પત્ર/ ઓથોરીટી લેટર ( જે તે કર્મચારીના નામ, હોદ્દા અને કર્મચારીના સહીના નમુના સાથેનો) મેળવીને તથા જે તે ઓથોરીટી લેટરમાં દર્શાવેલ નમુના મુજબની સહી, ડીલીવરી ચલણમાં મેળવીને જથ્થો આપવાનો રહેશે તેમજ ડીલીવરી ચલણમાં જથ્થો લઇ જનારની સ્પષ્ટ ઓળખ દર્શાવવાની રહેશે. બીલની સાથે ચલણની નકલ રજુ કરવાની રહેશે.

(6) તમામ બીલોની ચુકવણી ઈ–પેમેન્ટ થી કરવામાં આવશે. નિયમાનુસાર/ કાયદાનુસાર ભરવાપાત્ર TDS & GST ની રકમ કાપીને જ બીલની રકમ ચુકવવામાં આવશે. કોઈ નિયમાનુસાર / કાયદાનુસાર ભરવાપાત્ર અન્ય ટેક્ષ/સર્વિસ ટેક્ષ/વેટની રકમ/જી.એસ.ટી. વગેરે ટેન્ડરરે ભરવાની રહેશે.

(7) ટેન્ડર ફોર્મમાં રજુ થયેલ ભાવો પ્રમાણે કામ કરી આપવાનું રહેશે. રજુ થયેલ ભાવો પ્રમાણે કામ સ્વીકારવામાં નહિ આવે તો સીક્યુરીટી ડીપોઝીટ જપ્ત કરી કોન્ટ્રાકટરશ્રીને બ્લેક લીસ્ટમાં મુકવામાં આવશે.

(8) વર્ક ઓર્ડર તથા ડીલીવરી ચલણ સાથે રજુ કરવાના રહેશે. જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીના નામે બીલ બનાવી ટેક્ષ સાથેના ભાવનું બીલ રજુ કરવાનું રહેશે.

(9) ટેન્ડર મંજુર કરનાર અથવા નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી, દેવભૂમિ દ્વારકા અથવા તેઓ દ્વારા અધિકૃત કરેલ વ્યક્તિ/ કર્મચારી તેઓના વર્કઓર્ડર અન્વયે પુરી પાડવાની ચીજવસ્તુઓના નિરીક્ષણ કરી શકશે.

(10) દરેક વર્કઓર્ડરવાર અલગ–અલગ બીલો અથવા એક જ બીલમાં એકથી વધુ વર્કઓર્ડરનો સમાવેશ થતો હશે તો, બીલમાં દરેક વર્કઓર્ડરના નંબર/તારીખ વિગેરે દર્શાવીને વર્કઓર્ડરવાર સેવા/સામગ્રીની સ્પષ્ટ વિગતો દર્શાવીને જ બીલો બનાવવાના રહેશે.

(11) છાપકામ સબંધી બીલ સાથે અત્રેની કચેરી દ્વારા આપવામાં આવેલ છાપકામ અંગેના હુકમની નકલ તથા છાપકામ કરી કેટલી નકલમાં કોને આપવામાં આવેલ છે તે બાબતનું પ્રમાણપત્ર ફરજીયાત સામેલ રાખવાનું રહેશે. પ્રમાણપત્ર સિવાયની કામગીરી ચુકવણી માટે ધ્યાને લેવામાં આવશે નહિ તેમજ આ બાબતે અન્ય કોઇપણ રજુઆત ધ્યાને લેવામાં આવશે નહિ.

(12) છાપકામના ભાવ સરકારશ્રીના પ્રવર્તમાન જીએસટી સહીતના મંજુર કરવામાં આવેલ છે. તેમજ બીલમાંથી ચુકવણા સમયે નિયમોનુસાર આવકવેરાની કપાત કરવામાં આવશે. અન્ય સરકારશ્રીના પ્રવર્તમાન ધારાધોરણ મુજબના ભરવાના થતાં અન્ય તમામ વેરા ભરવાની જવાબદારી આપની રહેશે. બીલની રકમની ચુકવણી થયેથી ભરવાના થતા અન્ય તમામ વેરાની રકમ આપશ્રીએ ભરીને રકમ ભર્યા અંગેનો આધાર પુરાવો ચુકવણી કરનાર અધિકારીશ્રીને દિન–૭ માં રજુ કરવાનો રહેશે.

(13) જે બીલમાં પ્રમાણપત્ર નહી હોય તેવા બીલોની ચુકવણી કરવામાં આવશે નહી. સરકારશ્રીમાંથી ગ્રાન્ટની ઉપલબ્ધી થયેથી રજુ થયેલ બીલની પુરતી ચકાસણી કર્યા બાદ ચુકવણી ઈ–પેમેન્ટ દ્વારા કરવામાં આવશે. છાપકામ અંગેની સૂચના જે અધિકારીશ્રી દ્વારા કરાવવામાં આવે તે અધિકારીશ્રી દ્વારા કરાવવામાં આવશે.

(14) વર્કઓર્ડર અન્વયે પુરા પાડવામાં આવેલ ફ્રોમ્સ, બીલ્લા, સાઈનબોર્ડ, પોસ્ટર, બેનર, પેમ્ફલેટ, બેનર, સ્ટીકર વિગેરે પ્રિન્ટીંગની કામગીરી અંગે ડીમાન્ડ નોટ–માંગણી પત્રક વાર ડીલીવરી ચલણ ત્રણ નકલમાં ઇસ્યુ કરવાના રહેશે. ડીલીવરી ચલણમાં પોસ્ટર, બેનર, પેમ્ફલેટ, બેનર, સ્ટીકર વિગેરે પ્રિન્ટીંગની કામગીરીની આઇટમ સ્પષ્ટ રીતે અલગ અલગ અને વર્ક ઓર્ડરમાં દર્શાવેલ ક્રમ મુજબ દર્શાવવાની રહેશે. ડીલીવરી ચલણની ત્રીજી નકલ ટેન્ડરરે, બીજી નકલ ડીલીવરી લઇ જનારને અને પ્રથમ નકલ ટેન્ડર મંજુર કરનારની કચેરીમાં પુરી પાડવાની રહેશે.

(15) મંજુર કરેલ ભાવ અન્વયે પુરી પાડવાની ફ્રોમ્સ, બીલ્લા, સાઈનબોર્ડ, પોસ્ટર, બેનર, પેમ્ફલેટ, બેનર, સ્ટીકર વિગેરે પ્રિન્ટીંગની કામગીરી ટેન્ડર મંજુર કરનાર અથવા નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી, દેવભૂમિ દ્વારકા/સંબંધિત મદદનીશ ચૂંટણી અધિકારી દ્વારા જણાવેલ ફ્રોમ્સ, બીલ્લા, સાઈનબોર્ડ, પોસ્ટર, બેનર, પેમ્ફલેટ, બેનર, સ્ટીકર વિગેરે પ્રિન્ટીંગની કામગીરી કઇ તારીખે ઉપલબ્ધ કરવાની રહેશે તેની સ્પષ્ટ વિગતો તથા તે માટે મંજુર થયેલ ભાવ અને તે અન્વયે થતી રકમની સંપૂર્ણ વિગતો વર્કઓર્ડરમાં દર્શાવીને જ વર્કઓર્ડર આપવામાં આવશે અને તેવા વર્કઓર્ડર આધારે લેખીત ડીમાન્ડ નોટ–માંગણી પત્રક રજુ કર્યેથી જથ્થો પુરો પાડવાની રહેશે. મૌખિક ઓર્ડર અન્વયે ફ્રોમ્સ, બીલ્લા, સાઈનબોર્ડ, પોસ્ટર, બેનર, પેમ્ફલેટ, બેનર, સ્ટીકર વિગેરે પ્રિન્ટીંગની કામગીરી પુરી પાડવાની રહેશે નહી. તાત્કાલીક જરૂરિયાતના સંદર્ભમાં મૌખીક રીતે જથ્થો પુરો પાડવા જણાવવામાં આવેલ હોય તો ત્યારબાદ તુર્ત જ લેખીત વર્કઓર્ડર મેળવી લેવાનો રહેશે.

(16) છાપકામ અંગેની કામગીરી જરૂરીયાત અનુસાર કરાવવામાં આવશે તેમાં વધારો–ઘટાડો થઇ શકાવાની શકયતા રહેલી છે. આવા વધારા–ઘટાડા અંગે એજન્સી કોઇ હકક દાવો વાંધો લઇ શકશે નહિ અને ટેન્ડર મંજૂર કરનાર જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી/મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી દ્વારા જણાવવામાં આવે તે પ્રમાણેનો જથ્થો પુરો પાડવાનો રહેશે. જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી/મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી આઇટમ મુજબ કેટલો જથ્થો, કઇ તારીખે ઉપલબ્ધ કરવાનો રહેશે તેની વિગતો દર્શાવતુ માંગણી પત્રક આપવામાં આવે ત્યારે તે મુજબ જથ્થો સબંધિત કચેરીને પુરો પાડવાનો રહેશે. આકસ્મિક સંજોગોમાં મૌખિક માંગણી કરવામાં આવે તેવા કિસ્સામાં પાછળથી લેખીતમાં માંગણીપત્રક મેળવી લેવાનું રહેશે.

(17) ટેન્ડર મંજુર કરનાર અથવા નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી, દેવભૂમિ દ્વારકાના વર્કઓર્ડરમાં દર્શાવેલ સેવા/સામગ્રી/જથ્થાની આઇટમો જે ક્રમમાં દર્શાવી હશે તે જ ક્રમમાં સેવા/સામગ્રી/જથ્થાની આઇટમો બીલમાં દર્શાવીને એજન્સીએ બીલો બનવવાના રહેશે.

(18) આપની ભાગીદારી પેઢી/કું નાં ભાગીદારો કે ડીરેકટરો કે આ કામગીરી કરનાર આપના કોઇ પણ વ્યકિત રાજકીય પક્ષ સાથે ચુંટણીમાં ઉભા રહેલ ઉમેદવારો સાથે સીધા કે આડકતરો સબંધ ધરાવતા હોવા જોઇશે નહિ. તેમજ સાહિત્યનો કોઇપણ ભાગ/અંશ અત્રેની પરવાનગી વગર અન્ય કોઇ રાજકીય વ્યકિત, પક્ષ કે અન્યને આપી શકાશે નહિ કે દેખાડી શકાશે નહિ. જો આ બાબતમાં

કસુર કરવામાં આવશે તો આપની સામે નિયમોનુસારની કાર્યવાહી હાથ ઘરવામાં આવશે જે આપને બંધનકર્તા રહેશે.

(19) ટેન્ડરર્સ તેમજ આ કામગીરી માટે રોકવામાં આવેલ વ્યક્તિ કોઈપણ રાજકીય પક્ષના સભ્ય અથવા પક્ષ સાથે કોઈપણ પ્રકારે જોડાણ અથવા હિત સંબંધ અથવા રાજકીય હોદ્દો અથવા રાજકીય વ્યકિત અથવા કોઈપણ રાજકીય પક્ષ કે ચુંટણી લડતાં ઉમેદવાર સાથે હિત સંબંધ ધરાવનાર હોવા જોઈએ નહી. તેમજ કોઈપણ રાજકીય પક્ષ કે ચુંટણી લડતાં ઉમેદવાર કે તેના સમર્થકનું કોઈ પણ પ્રકારનું આતિથ્ય સ્વીકારી શકશે નહી. તે પ્રમાણે એકરાર રજૂ કરવાનું રહેશે.

(20) આ મંજૂર થયેલ ભાવો ડીઝાઈન, ટ્રાન્સપોર્ટ સાથે નિયત તમામ મટીરીયલ સહીતની સઘળી કામગીરીના છે.

(21) કુદરતી આફત, માનવ સર્જિત આફત, આગ, અકસ્માત કે કાબુ બહારના સંજોગોના કારણે ટેન્ડરરના કોઈપણ જથ્થા / સામગ્રીને નુકશાન થશે તો તેની જવાબદારી ટેન્ડર મંજુર કરનારની રહેશે નહી.આ અંગેની તમામ જવાબદારી એજન્સીની પોતાની રહેશે.

(22) આ કામગીરી અંગે કોઈ અન્ય વ્યકિતને પેટા કોન્ટ્રાકટ આપી કામગીરી સોંપી શકશે નહી.

(23) આ કામના હુકમ/કરાર બાબતે કોઈપણ વિવાદ અને કાનુની ગુંચ ઉદ્ભવે તો તે અંગેની બાબત ખંભાળિયા ન્યાયાલયના કાર્યક્ષેત્ર હેઠળ નિકાલ કરી શકાશે.

(24) મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર દ્વારા કોઈપણ કિસ્સામાં કેન્દ્રીય રીતે કોઈ કામગીરીનો કોન્ટ્રાકટ આપવામાં આવશે કે પ્રક્રિયા કરવામાં આવશે તો ટેન્ડર મંજુર થયેલ હશે તો આપો આપ રદ થઈ જશે અને તે બાબતે ટેન્ડર મેળવનારને લેખીત જાણ કરવામાં આવ્યેથી આ ટેન્ડર રદ ગણવાનું રહેશે. તેના બાબતે વાદવિવાદ ઉપસ્થિત રહેશે નહિ.

(25) આ કોન્ટ્રાક્ટ માટે કોઈ એડવાન્સ નાણાં ચુકવવામાં આવશે નહિ કે વિલંબથી બીલની ચુકવણી અંગે વ્યાજની માંગણી કરી શકશે નહિ.

(26) એજન્સીએ પુરી પાડવાની સેવા/ સામગ્રી સારી ગુણવત્તાવાળી અને જ્યાં સ્પષ્ટ રીતે સ્પેશીફીકેશન જણાવેલ છે ત્યાં તે મુજબના સ્પેશીફીકેશન પ્રમાણેની સેવા સામગ્રી પુરી પાડવાની રહેશે. આ બાબતમાં કોઈપણ ફરિયાદ ઉપસ્થિત થશે તો, કલેક્ટર અને જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી, દેવભૂમિ દ્વારકાનો નિર્ણય આખરી ગણાશે અને ભાવપત્રક ભરનારને બંધનકર્તા રહેશે. વાપરવાના કાગળના GSM, સાઈઝમાં હુકમમાં ભુલ જણાયે ટેન્ડરમાં દર્શાવેલ GSM, તથા સાઈઝ ધ્યાને લેવાના રહેશે.

(27) નિયત કરેલ સમય મર્યાદામાં આપશ્રી દ્વારા છાપકામ અંગેની કામગીરી કરવામાં નહી આવે અગર તો જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટરશ્રીને એમ જણાશે કે ટેન્ડરર આ કામગીરી સમય મર્યાદામાં પૂર્ણ કરી શકે તેમ નથી તેવા સંજોગોમાં આ કામગીરી અન્ય ટેન્ડરર / વ્યકિત મારફત પ્રવર્તમાન બજારભાવે કરાવવામાં આવશે અને આ અંગે જો કોઈ વધારાનો ખર્ચ થશે તો તે વધારાના ખર્ચની રકમ આપશ્રી પાસેથી વસુલ કરવામાં આવશે અને જરૂર પડયે આવી વધારાની રકમ જમીન મહેસુલની બાકી તરીકે વસુલ કરવામાં આવશે.

(28) આ હુકમની અગર ટેન્ડરની કોઈ પણ શરતના ભંગ બદલ જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટરશ્રી, દેવમૂમિ દ્વારકા દ્વારા ડીપોઝીટની રકમ કે તેનો કોઈ પણ ભાગ રાજયસાત કરવા હુકમ કરવામાં આવશે તેમજ ધોરણસરની કાર્યવાહી હાથ ઘરવામાં આવશે.

(29) જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટરશ્રી, દેવભૂમિ દ્વારકાને બીલની ચૂકવણી અટકાવી શકવાનો કે આપની કોઈપણ શરતોનો ભંગ બદલ તેની દંડની રકમ વસુલાત કરવાનો હકક અબાધીત રહેશે.

(30) આ મંજુર થયેલ ભાવો કરાર કર્યા તારીખથી એક (૧) વર્ષ સુધી અમલમાં રહેશે. જેની મુદત જરૂરી જણાયે વધુ ૬ માસ સુધી લંબાવી શકવા જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી હકદાર રહેશે.

(31) ઈજારાની મુદત પુરી થાય તે પહેલા જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી, દેવભૂમિ દ્વારકા કોઈપણ કારણસર લેખીત નોટીશ આપી ઈજારો રદ કરી શકશે અને તે માટે કોઈ વળતર મેળવવાનો હકક આપશ્રીને રહેશે નહી. તેમજ આપના સિવાય અન્યને આ કામગીરી સોંપી શકાશે.

(32) આપશ્રી દ્વારા જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર, દેવભૂમિ દ્વારકા સાથે છેતરપીંડી કર્યાનું માલુમ પડશે તો તે કારણે સરકારશ્રીને જે કાંઈ પણ નાણાકીય નુકશાન થશે તે આપની ટેન્ડર ડીપોઝીટ/બાકી લેણાં/અન્ય કોઈ પણ રીતે આપની પાસેથી જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર, દેવભૂમિ દ્વારકા વસુલ કરી શકશે અને તે બદલ દંડ પણ કરી શકશે. આ અંગે કોર્ટ કાર્યવાહી કરવાનું ઉચીત જણાશે તો તે પણ જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી, દેવભૂમિ દ્વારકા કરશે તેમજ આપને ભવિષ્યમાં કામગીરી માટે ગેરલાયક ગણવાની વિચારણા કરી શકશે.

(33) સીકયોરીટી ડીપોઝીટની રકમ ઈજારાની મુદત પુરી થયા બાદ હિસાબનું ઓડીટ થયા બાદ પરત કરવામાં આવશે. આ માટે જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી, દેવભૂમિ દ્વારકા માંગે તે પ્રકારે અને તે નમૂનામાં એટલે કે સરકારે નકકી કરેલ અને નોટેરાઈઝડ કરાવેલ ઈન્ડેમનીટી બોન્ડ ભરી આપ્યા બાદ જ ડીપોઝીટની રકમ પરત કરવામાં આવશે અને તે સામે આપનો કોઈ વાંધો ગ્રાહય રાખવામાં આવશે નહિ.

(34) આપની ભાગીદારી પેઢી/કું ના ભાગીદાર/ડીરેકટરો પૈકી જો કોઈને ભૂતકાળમાં બ્લેકલીસ્ટ કરવામાં આવેલ છે તેવી જાણકારી મળશે તો આ કામગીરી આપની પાસેથી પરત લઈને અન્ય ટેન્ડરર પાસે બજારભાવેથી કરાવવામાં આવશે અને તે અંગેનો ખર્ચ આપની પાસેથી વસુલ કરવામાં આવશે તે સામે આપનો કોઈ વાંધો ગ્રાહય રાખવામાં આવશે નહી.

(35) છાપકામ કરવા અંગેની કામગીરી ભારતના ચૂંટણી પંચ/મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી તરફથી નકકી કરવામાં આવેલ પ્રવર્તમાન સુચનાઓને આધીન કરવાની રહેશે. જો તેમ કરવામાં આપના દ્વારા નિષ્કાળજી દાખવવામાં આવશે તો આપની સામે નિયમોનુસારની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

(36) છાપકામનું કામ તટસ્થ અને નિષ્પક્ષ રીતે કરવાનું રહેશે. કોઈ રાજકીય પક્ષના કાર્યકર કે કોઈ પક્ષના ઉમેદવાર દ્વારા સૂચન થાય તે રીતે છાપકામ કરવાનું રહેશે નહી. પરંતુ ફરજ પરના અધિકારીની સૂચનાનુસાર તેમજ ચૂંટણી પંચની સૂચના મુજબ નિષ્પક્ષ કામગીરી કરવાની રહેશે.

(37) ઉપરોકત વિગતેની છાપકામ ચૂંટણી સાહીત્યનો ભાગ બનતો હોવાથી કોઈપણ સ્વરૂપે ચેડા થયે કે કોઈપણ સંજોગોમાં કોઈપણ રીતે ગુમ થયેલ ચૂંટણી લક્ષી કાયદાઓનો ભંગ ગણી પોલીસ કાર્યવાહીને પાત્ર બનશે.

(38) આ કામગીરી ફકત જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી દ્વારા જ અપાયેલ હોય જેથી અન્ય કચેરીમાં આ બાબતેની કામગીરી અત્રેની પૂર્વ પરવાનગી વગર કરવાની રહેશે નહિ. તેમ છતા કામગીરી કરવામાં આવશે તો તે અંગેનું ચુકવણુ અત્રેથી કરવામાં આવશે નહિ.

(39) છાપકામ અંગેની કામગીરી ચોખ્ખી હોવી જોઈએ તેમાં જો ડાઘા/પ્રીન્ટ મીસ્ટેક/ક્ષતિ/વિસંગતતા ધ્યાને આવશે તો તે સાહિત્યનું ફરીથી છાપકામ કરી આપવાનું રહેશે. જે અંગે વધારાનો કોઈ ચાર્જ ચુકવવામાં આવશે નહિ.

(40) વર્ક ઓર્ડર મળ્યા બાદ અને કરારખત રજુ કરી દીધા બાદ તે પરત ખેંચવા અથવા રદ ગણવા તેની સાથેની કોઈ શરતોમાં સુધારો કરવાની અથવા કોઈ વિશેષ શરતો સ્વીકારવાની માંગણી એજન્સી કરી શકશે નહિ.

(41) ટેન્ડરની શરત અનુસાર આપશ્રીએ નિયત નમૂનામાં કરારખત તથા રૂા.૧,૦૦,૦૦૦/–(રૂા. એક લાખ પુરા) ની રકમ પરફોર્મન્સ સીકયોરીટી ડીપોઝીટ પરીકે ''ટીડીઆર/એફડી'' સ્વરૂપે જમા કરાવવાની રહેશે. આ પરફોર્મન્સ સીકયોરીટી ડીપોઝીટની રકમ '' જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી, દેવભૂમિ દ્વારકા'' ના ફેવરમાં ''ટીડીઆર/એફડી'' ખંભાળીયા ખાતે ચુકવણી પાત્ર આ પત્ર મળ્યેથી દિવસ–૭ માં રજુ કરવાનો રહેશે. સાત દિવસ બાદ કરારખત(મુંબઇ સ્ટેમ્પ અધિનિયમ–૧૯૫૮ ને તે નિયમ હેઠળ) પરફોર્મન્સ ડીપોઝીટ સાથે કરવામાં નહી આવે તો પછીના સાત દિવસ સુધીના સમય માટે પ્રતિદિન માટે રૂા.૧૦૦૦/– લેખે દંડ વસુલ કરવામાં આવશે. તેમ છતાં આપના તરફથી સમયમર્યાદામાં જરૂરી પરફોર્મન્સ સીકયોરીટી ડીપોઝીટ જમા કરાવી નિયત નમૂનામાં કરારખત નહી કરવામાં આવે તો આપશ્રીની ટેન્ડર ડીપોઝીટ(અર્નેસ્ટ મની ડીપોઝીટ) જપ્ત કરવામાં આવશે. તેમજ ભવિષ્યમાં કામગીરી માટે ગેરલાયક ઠરાવવામાં આવશે અને આપશ્રીના ખર્ચે અને જોખમે કામગીરી અન્ય ટેન્ડરર પાસેથી કરાવવામાં આવશે જેની સ્પષ્ટ નોંધ લેશો.

નોંધ : ''ટીડીઆર/એફડી''એટલા માટે લખવામાં આવે છે કે ઘણી બેંક ટીડીઆરને એફડી તરીકે ઓળખે છે. પરફોર્મન્સ સીકયોરીટી ડીપોઝીટ, ટર્મ ડીપોઝીટ રસીપ્ટના સ્વરૂપમાં એટલા માટે લેવામાં આવે છે કે ચેક/ડીડી ની વેલીડીટી ફકત ત્રણ માસથી વધુ હોતી નથી. આ કામગીરીમાં ૬ માસ જેટલો સમય હોય જેથી નવા ચેક/ડીડી રીન્યુ કરવા / નવા કઢાવવાનો પ્રશ્ન રહે નહી તે માટે આ નિર્ણય લેવામાં આવેલ છે. જે આપની જાણ માટે.

(42) ઉપરોક્ત શરતો પૈકી કોઈ શરતમાં વધારો અથવા સુધારો જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી કરી શકશે જે એજન્સીએ ધ્યાને લઈ તે મુજબ કામગીરી કરી આપવાની રહેશે.

(જી. ટી. પંડયા)
જિલ્લા ચૂંટણી અધિકારી અને
કલેકટર, દેવભૂમિ દ્વારકા

પ્રતિ,
પ્રોપરાઇટરશ્રી,
એકતા ઓફસેટ પ્રાઇવેટ લિમીટેડ,
૯/બી, સાધના સોસાયટી, પેટલાદ રોડ,
નડીઆદ–૩૮૭૦૦૧

**નકલ રવાના :–**

(૧) મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી, ૧૨–જામનગર લોકસભા મતવિભાગ અને પ્રાંત અધિકારીશ્રી, ખંભાળીયા
(૨) મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી, ૧૨–જામનગર લોકસભા મતવિભાગ અને પ્રાંત અધિકારીશ્રી, દ્વારકા
(3) મામલતદારશ્રી, ખંભાળીયા/ભાણવડ/દ્વારકા/કલ્યાણપુર

## પરિશિષ્ટ–અ

## લોકસભા સામાન્ય ચૂંટણી–૨૦૨૪

જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી, દેવભૂમિ દ્વારકાના હુકમ નં.ચટણ/GeM/ટેન્ડર/બેનર/૨૪, તા.૧૫/૦૩/૨૦૨૪નું જોડાણ

| Sl No. | Category | Item Description | Unit Measurement | Unit Price |
|---|---|---|---|---|
| 1 | Form Printing Type 1 | Form Printing Simple White Paper A4 size Double Side 58 gsm | Per Page Double Side Printing | 0.36 |
| 2 | Form Printing Type 2 | Form Printing Simple White Paper A4 size Single Side 58 gsm | Per Page Single Side Printing | 0.32 |
| 3 | I D Card | I D Card Colour Card with printing 12 cm into 8 cm 210 gsm | Per Card | 0.39 |
| 4 | I D Card | I D Card Colour Card Paper with printing 12 cm into 8 cm 210 gsm with rivet and safety pin | Per Card | 1.10 |
| 5 | Flex Banner | Flex Banner 3 Pass 260 gsm(in sq ft) | Per Square Feet | 8.40 |
| 6 | Letter | Letter A4 size Multicolour Simple Paper-liflet | Per Page | 0.75 |
| 7 | Letter | Letter A4 size Multicolour Art Paper 90 gsm | Per Page | 0.75 |
| 8 | Vinyl Sticker | Vinyl Sticker 30*18 inch square with printing | Per Sticker Piece | 37.50 |
| 9 | Sticker | A3 Size Multi color Sticker with printing | Per Sticker Piece | 5 |
| 10 | Certificate | card paper multi colour 11*9 inch with printing 210 gsm | Per Certificate Piece | 1.80 |
| 11 | card paper | card paper white for bases and sign board 8 inch into 3 inch 210 gsm | Per Card | 0.45 |

(જી. ટી. પંડયા)
જિલ્લા ચૂંટણી અધિકારી
અને કલેકટર, દેવભૂમિ દ્વારકા